

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 107
Dt.: 27-12-2025, Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### એકલા અરવલ્લી પટ્ટામાં જ ૪,૦૦૦થી વધુ કેસ

## રાજસ્થાનમાં સાત વર્ષમાં ગેરકાયદે ખનન મુદ્દે ૭,૦૦૦થી વધુ FIR

### સમગ્ર રાજસ્થાનની વાત કરીએ તો છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનનની નાની-મોટી ૭૧,૩૨૨ ઘટના સામે આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનમાં છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન, પરિવહન અને સંગ્રહના ગુના હેઠળ કુલ ૭,૧૭૩ FIR નોંધાઈ છે. ચોંકાવનારી વિગત એ છે કે, એકલા અરવલ્લી પટ્ટાના જિલ્લામાં જ ૪,૧૮૧ પોલીસ કેસ થયા છે. સમગ્ર રાજસ્થાનની વાત કરીએ તો છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનનની નાની-મોટી ૭૧,૩૨૨ ઘટના સામે આવી છે, જેમાં પોલીસ કેસની સાથે દંડ ભર્યો હોય એવા કિસ્સા પણ સામેલ છે. આ પ્રકારના કેસની વાત કરીએ તો અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં કુલ ૪૦,૧૭૫ કેસ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના ૨૦ જિલ્લા અરવલ્લીની શ્રેણીમાં આવે છે.

જો કે, કોંગ્રેસના પાંચ વર્ષ અને ભાજપના બે વર્ષના શાસનના વિવિધ ઘટનાઓ અને પોલીસ ફરિયાદના આંકડામાં પણ મોટો તફાવત છે. આ અંગે વાત કરતા ત્રણ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા ભાજપ નેતા અને પ્રવક્તા રામલાલ શર્માએ જણાવ્યું હતું કે, 'રાજસ્થાન સરકાર અરવલ્લીનો એક-એક પથ્થર સુરક્ષિત રાખવા કટિબદ્ધ છે. છેલ્લા બે વર્ષમાં અમારી સરકારે ખનન માફિયા સામે કડક કાર્યવાહી કરી છે.'

સરકારી આંકડા મુજબ, ૧૫ ડિસેમ્બર ૨૦૧૮થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન કોંગ્રેસના શાસનમાં અરવલ્લી ક્ષેત્રના જિલ્લામાં ગેરકાયદે ખનનની ૨૯,૨૦૯ ઘટનાઓ બની હતી. તેની સામે ભાજપના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સરકારના પ્રથમ બે વર્ષમાં એટલે કે ૧૩ ડિસેમ્બર ૨૦૨૩થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં આ સંખ્યા ૧૦,૯૬૬ છે.

રાજસ્થાન વિભાગના ખાણ અને પેટ્રોલિયમ વિભાગના અગ્ર સચિવ ટી. રવિકાંતે કહ્યું કે, કોઈ પણ ઘટના અને FIR વચ્ચે મોટો તફાવત છે. જ્યારે વિભાગ પોતે નોટિસ આપીને દંડ વસૂલે છે, ત્યારે તે ઘટના ગણાય છે પરંતુ કોઈ હુમલો કે ચોરી જેવી ગંભીર ઘટના બને ત્યારે જ પોલીસ ફરિયાદ દાખલ કરાય છે. આ કારણે જ કુલ ઘટનાઓની તુલનામાં FIRની સંખ્યા ઓછી છે.'

અહીં એ નોંધવુ પણ જરૂરી છે કે, રાજસ્થાન વિધાનસભામાં વિપક્ષના નેતા ટીકા રામ જુલીના પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું હતું કે, 'વર્ષ ૨૦૨૪માં જ ખાણ માફિયા દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓ પર ૯૩ વખત હુમલા કરાયા હતા, જેમાં ૩૧૧ કર્મચારી નિશાન બન્યા હતા.'

રાજસ્થાનમાં ગેરકાયદે ખનન માફિયાઓ વિરુદ્ધ તંત્રની લાલ આંખ જોવા મળી છે, જેના પરિણામે છેલ્લા સાત વર્ષમાં કુલ રૂ. ૬૩૭.૧૬ કરોડનો માતબર દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન માત્ર અરવલ્લી પટ્ટાના જિલ્લાઓમાંથી રૂ. ૨૩૧.૭૫ કરોડનો દંડ વસૂલાયો હતો, જ્યારે વર્તમાન ભાજપ શાસનમાં અત્યાર સુધીમાં રૂ. ૧૩૬.૭૮ કરોડની દંડકીય વસૂલાત કરવામાં આવી છે.

ધરપકડ અને સાધનોની જપ્તીના મામલે પણ વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. છેલ્લા સાત વર્ષમાં ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા ૩,૭૩૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી કુલ ૭૦,૩૯૯ વાહનો અને મશીનો જપ્ત કરવામાં આવ્યા છે. આ જપ્તીના આંકડાઓમાં રાજકીય તુલના કરીએ તો, કોંગ્રેસના શાસનમાં ૨૯,૧૩૮ વાહનો જપ્ત કરાયા હતા, જ્યારે ભાજપના કાર્યકાળમાં અત્યાર સુધીમાં ૧૦,૬૧૬ વાહનો અને મશીનો જપ્ત કરવામાં આવ્યા છે.

પર્યાવરણ સચિવની સમિતિ દ્વારા સૂચવેલી અને ૨૦ નવેમ્બરે સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલી અરવલ્લીની નવી વ્યાખ્યાને કારણે વિવાદ સર્જાયો છે. નવી વ્યાખ્યા મુજબ, સ્થાનિક ભૂતલથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી જમીન જ અરવલ્લીની ટેકરી ગણાશે. આ નિર્ણયને કારણે પર્યાવરણપ્રેમીઓમાં ડર છે કે નીચાણવાળા વિસ્તારોમાં ખનન વધશે. જો કે, પર્યાવરણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી વિગતવાર અભ્યાસ ન થાય ત્યાં સુધી અરવલ્લીમાં ખનની કોઈ નવી લીઝ અપાશે નહીં.

## ચાંદીમાં એક જ દિવસમાં ૮૪૦૦નો ઐતિહાસિક ઉછાળોઃ સોનાનો પણ ઓલ ટાઈમ હાઈ રેકોર્ડ

### સોનાનો ભાવ રૂ.૧,૦૬૪ના ઉછાળા સાથે રૂ.૧,૩૯,૧૬૧ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક બજારોમાંથી મળેલા મજબૂત સંકેતો અને ઘરેલુ બજારમાં રોકાણકારોની ભારે ખરીદીને પગલે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોના અને ચાંદીના ભાવમાં શુક્રવારે ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવમાં તોફાની તેજી જોવા મળી હતી, જ્યારે સોનાએ પણ નવી સર્વોચ્ચ સપાટી બનાવી હતી, જેના કારણે બુલિયન માર્કેટમાં રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.MCX પર ફેબ્રુઆરી ૨૦૨૬ વાયદાના સોનાનો ભાવ રૂ.૧,૦૬૪ના ઉછાળા સાથે રૂ.૧,૩૯,૧૬૧ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, ખરી તેજી ચાંદીમાં જોવા મળી હતી. માર્ચ ૨૦૨૬ વાયદાના ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામે રૂ.૮,૪૪૯નો જબરદસ્ત




ઉછાળો નોંધાયો હતો, અને ભાવ રૂ.૨,૩૨,૨૩૯ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો. શુક્રવારે શરુઆતી વેપારમાં ચાંદીના વાયદાના ભાવ રૂ.૮,૦૦૦થી વધુ ઉછળીને રૂ.૨,૩૨,૭૪૧ પ્રતિ કિલોગ્રામની નવી ટોચે પહોંચ્યા હતા. બજારના નિષ્ણાતોના મતે, આ અભૂતપૂર્વ તેજી પાછળ આંતરરાષ્ટ્રીય અને ઘરેલુ પરિબળો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો થવાની સંભાવનાઓને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. આ ઉપરાંત, વધતા ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદી તરફ વળ્યા છે. ચાંદીના ભાવમાં થયેલા મોટા ઉછાળા પાછળ વૈશ્વિક સ્તરે પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને ભારતીય આયાતમાં વધારો જેવા કારણો મુખ્ય છે. સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પણ આ તેજી પાછળ એક મુખ્ય પરિબળ છે. વિશ્વભરની કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની સતત ખરીદી પણ ભાવ વધારાને ટેકો આપી રહી છે. ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં થતી વધઘટ પણ સ્થાનિક બજારમાં સોના-ચાંદીના ભાવને પ્રભાવિત કરે છે.વર્ષ ૨૦૨૫ સોના અને ચાંદી બંને માટે અત્યંત ફાયદાકારક રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૭૦%થી વધુનો ઉછાળો આવ્યો છે, જે ૧૯૭૯ પછીનો સૌથી મોટો વાર્ષિક વધારો છે. જ્યારે ચાંદીના ભાવમાં ૧૫૦%થી વધુનો અકલ્પનીય ઉછાળો જોવા મળ્યો છે. રોકાણકારો હવે એ વાત પર નજર રાખી રહ્યા છે કે શું આ તેજી નવા વર્ષમાં પણ ચાલુ રહેશે કે કેમ.

### ચીને અમેરિકાને આપ્યો મોટો ઝટકો

## USની ૨૦ કંપનીઓ પર ચીને લગાવ્યો પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ચીને અમેરિકાની મુખ્ય ડિફેન્સ કંપનીઓ સહિત ૨૦ કંપનીઓ સામે પ્રતિબંધોની જાહેરાત કરી છે. ચીનના વિદેશ મંત્રાલયે શુક્રવારે (૨૬ ડિસેમ્બર, ૨૦૨૫) જાહેરાત કરી હતી કે તાઈવાનને શસ્ત્રો વેચવાના આરોપમાં ૧૦ વ્યક્તિઓ અને ૨૦ અમેરિકી સંરક્ષણ કંપનીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ પ્રતિબંધિત કંપનીઓમાં બોઈંગની સેન્ટ લૂઈસ શાખાનો પણ સમાવેશ થાય છે.

ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાર્યવાહી બાદ અમેરિકન કંપનીઓ અને વ્યક્તિઓની ચીનમાં બધી સંપત્તિઓ સ્થગિત કરવામાં આવશે. ચીનની સ્થાનિક સંસ્થાઓ અને વ્યક્તિઓને પણ આ કંપનીઓ સાથે કોઈપણ વ્યવસાય કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સંરક્ષણ સંબંધિત એન્ડુરિલ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક અને પ્રતિબંધિત કંપનીઓના નવ વરિષ્ઠ અધિકારીઓ પ્રતિબંધિત કંપનીઓમાં શામેલ છે. તેમને ચીનમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત, નોર્થ્રોપ ગ્રુમેન સિસ્ટમ્સ કોર્પોરેશન અને એલ૩ હેરિસ મેરીટાઈમ સર્વિસીસ જેવી કંપનીઓ પણ પ્રભાવિત થઈ છે. ગયા અઠવાડિયે અમેરિકાએ તાઈવાનને ૧૧.૧ અરબ ડૉલરના હથિયારો વેચવાની જાહેરાત કરી હતી, ત્યાર પછી ચીને આ કાર્યવાહી કરી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તાઈવાન મુદ્દો ચીનના મુખ્ય હિતોનો ભાગ છે. આ ચીન-અમેરિકા સંબંધોમાં એક રેડ લાઈન છે જેને ઓળંગી શકાતી નથી. બીજિંગે તાઈવાન અંગે કોઈપણ ઉશ્કેરણીજનક કાર્યવાહીનો સખત જવાબ આપવાની પ્રતિજ્ઞા લીધી છે. ચીને અમેરિકાને વિનંતી કરી છે કે તે તાઈવાનને હથિયાર ન આપે.

આ મહિનાની શરૂઆતમાં ડોનાલ્ડ ટ્રમ્પે એક બિલ પર હસ્તાક્ષર કર્યા હતા જે અમેરિકા સાથે તાઈવાનના સંબંધોને મજબૂત બનાવશે. આ તાઈવાન એશ્યોરેન્સ ઈમ્પ્લિમેન્ટેશન કાયદો છે, જે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટને તાઈવાન સાથે યુએસ જોડાણ માટે માર્ગદર્શિકાઓની સમીક્ષા કરવાનો આદેશ આપે છે. આ સમીક્ષા દર પાંચ વર્ષે થશે. તાઈવાનએ આની પ્રશંસા કરી છે, જ્યારે ચીને તેને અસ્વીકાર્ય હસ્તક્ષેપ ગણાવીને સખત વાંધો ઉઠાવ્યો છે.

ચીને અમેરિકાને પાઠ ભણાવવા માટે આ પગલું ભર્યું છે. પ્રતિબંધો મોટાભાગે પ્રતીકાત્મક છે, કારણ કે લક્ષિત મોટાભાગની અમેરિકન સંરક્ષણ કંપનીઓનો ચીનમાં કોઈ વ્યવસાયિક વ્યવહાર નથી.

## વિદેશ મંત્રાલયે કરી યુનુસની ઝાટકણીઃ બાંગ્લાદેશમાં હિન્દુઓની ક્રૂર હત્યા અવગણી ના શકીએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત સરકારે બાંગ્લાદેશમાં ચાલી રહેલા રાજકીય સંકટ અને લઘુમતી હિન્દુઓ પર અત્યાચાર માટે કડક પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું છે કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતી હિંસા ચિંતાનો વિષય છે, અમે દીપુ દાસની હત્યાની નિંદા કરીએ છીએ. અમને આશા છે કે આરોપીઓને કોર્ટના કઠેડામાં લાવવામાં આવશે.

ભારત સરકારે બાંગ્લાદેશમાં વચગાળાની યુનુસ સરકારની નીતિ પર ચિંતા વ્યક્ત કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે એ પણ કહ્યું છે કે બાંગ્લાદેશમાં વર્તમાન વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન લઘુમતી હિન્દુઓની હત્યા, આગચંપી અને જમીન પચાવી પાડવા સહિત ૨,૯૦૦ ઘટનાઓ સામે આવી છે.. આ સમાચારોને રાજકીય હિંસા કહીને નજર અંદાજ ન કરી શકાય, ભારત બાંગ્લાદેશમાં મુક્ત, ન્યાયી અને સમાવેશી ચૂંટણીઓ થાય તેવું ઈચ્છે છે. ભારત બાંગ્લાદેશના નાગરિકો સાથે સારા સંબંધો સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે ત્યાં શાંતિ અને સ્થિરતાની આશા રાખીએ છીએ. ભારતીયોને H-1B વિઝા એપોઈન્ટમેન્ટ રદ થવા પર પડી રહેલી મુશ્કેલી અંગે પણ સવાલ કરતાં ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ઘણા ભારતીય નાગરિકોએ વિઝા શિડ્યુઅલ અને રિ-શિડ્યુઅલ અંગે ફરિયાદ કરી છે.

### US વિઝા એપોઈન્ટમેન્ટમાં વિલંબ

## H-1B વિઝા મુશ્કેલી અંગે ભારત સરકારે અમેરિકા સાથે કરી ચર્ચા

### ભારત સરકાર અમેરિકાના અધિકારીઓ સાથે સંપર્કમાં છે જેથી ભારતીયોને પડી રહેલી સમસ્યાઓ ઓછી થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાની સરકારે વિઝાધારકો માટે સોશિયલ મીડિયા વેરિફિકેશનની નવી પૉલિસી લાગુ પાડી દીધી છે. તેના કારણે હવે એચ૧-બી વિઝાધારકોના વિઝા રિન્યૂઅલની પ્રોસેસ અટકી પડી છે.

અસંખ્ય લોકોની વિઝા રિન્યૂની અપોઈન્ટમેન્ટ છ-આઠ મહિનાથી લઈને એક-એક વર્ષ સુધી લંબાઈ જતાં ભારતીયો સહિત અનેક વિદેશી નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. જે રિન્યૂઅલ માટે ભારત આવી ગયા હતા તેમની સામે અમેરિકા પાછા કેમ ફરવું તે મોટો સવાલ ખડો થયો છે. ત્યારે આજે ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા H-1B વિઝામાં આવી રહેલી પરેશાની અંગે પ્રતિક્રિયા આપવામાં આવી છે. ભારતીયોને H-1B વિઝા એપોઈન્ટમેન્ટ રદ થવા પર પડી રહેલી મુશ્કેલી અંગે પણ સવાલ કરતાં ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ઘણા ભારતીય નાગરિકોએ વિઝા શિડ્યુઅલ અને રિ-શિડ્યુઅલ અંગે ફરિયાદ કરી છે.

વિઝા આપવાનો અધિકાર જે તે દેશનો છે, તો પણ ભારતે અમેરિકાના અધિકારીઓ સામે આ મુદ્દો ઉઠાવી ચિંતા વ્યક્ત કરી છે. MEA મુજબ આ કારણે ભણતર અને પારિવારિક જીવન પર અસર પડી રહી છે. જેથી હેરાનગતિ થઈ રહી છે. ભારત સરકાર અમેરિકાના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે જેથી ભારતીય નાગરિકોને પડી રહેલી સમસ્યાઓ ઓછી થાય અમેરિકાના ઈમિગ્રેશન વિભાગે દુનિયાભરના દૂતાવાસોને એચ૧-બી વિઝાની અપોઈન્ટમેન્ટ પાછી ઠેલવાનો આદેશ આપ્યો છે. તેના કારણે અમેરિકાની આઈટી કંપનીઓમાં કાર્યરત ભારત સહિત દુનિયાભરના વિદેશી નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. અસંખ્ય એચ૧-બી વિઝાધારકોના વિઝાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે અથવા તો આગામી મહિનાઓમાં પૂરી થવાની છે.

એવા લોકો પોત-પોતાના દેશમાં વિઝા રિન્યૂ કરવા આવવા લાગ્યા હતા. દૂતાવાસમાં અપોઈન્મેન્ટ મેળવીને વિઝા રિન્યૂની પ્રોસેસ કરવાની હોય છે. અનેક ભારતીયો રિન્યૂઅલ પ્રોસેસ માટે ભારત આવ્યા હતા. એ પછી અચાનક અમેરિકન સરકારે આ નવું નોટિફિકેશન આપતા બધી જ અપોઈન્ટ્સ રદ્દ થઈ છે અને કેટલાયને આવતા વર્ષે એપ્રિલ-મેની તો ઘણાને આવતા વર્ષે નવેમ્બર-ડિસેમ્બરની નવી અપોઈન્ટમેન્ટ આપવામાં આવી છે.

અમેરિકાની સરકારના આ તઘલખી નિર્ણયના કારણે બે મુખ્ય મુશ્કેલી સર્જાઈ છે. એક, જે લોકો અપોઈન્ટમેન્ટ માટે પોતાના દેશમાં આવ્યા હતા તેઓ પોતાના દેશમાં જ ફસાઈ ગયા છે. તેમના વિઝાની અવધિ પૂરી થતાં હવે તેઓ ફરીથી અમેરિકા જઈ શકે નહીં. બીજી મુશ્કેલી, જે લોકો અમેરિકામાં છે તેઓ આમ અમેરિકામાં રહી શકે નહીં. જો સરકાર એની તપાસ કરે તો તેઓ મુશ્કેલીમાં મૂકાઈ શકે. વળી, એ લોકો દેશ છોડીને ક્યાંય જઈ શકશે નહીં. હવે ભારત સરકારે કરેલી રજૂઆત બાદ એચ૧-બી વિઝા ધારકો કોઈ રાહત મળે તેવા સંકેત છે.

## ધાર્મિક સ્થળથી પથ્થર હટાવવા મામલે વિવાદ ભડકતા પથ્થરમારોઃ જયપુરમાં તણાવઃ ઈન્ટરનેટ બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)જયપુર

રાજસ્થાનના જયપુર જિલ્લામાં આવેલા ચોમૂ નગરમાં મોડી રાત્રે અચાનક કોમી તણાવ ફાટી નીકળ્યો હતો. મસ્જિદ સંબંધી એક વિવાદને પગલે કેટલાક તોફાની તત્વોએ પોલીસને નિશાન બનાવી પથ્થરમારો કર્યો હતો, જેમાં અનેક જવાનો લોહીલુહાણ થયા હતા. હિંસક બનેલી ભીડને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની સાથે ટીયર ગેસ છોડવાની ફરજ પડી હતી, જોકે ભારે જહેમત બાદ થોડા જ કલાકોમાં સ્થિતિ થાળે પડી હતી.

મળતી માહિતી મુજબ, શુક્રવાર સાંજથી જ મસ્જિદ નજીક રસ્તા પર જમા થયેલા પથ્થરો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પથ્થરો લાંબા સમયથી અવરોધરૂપ બનતા હોવાથી ત્યાં વારંવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. જોકે, આ સફાઈ કામગીરીનો સ્થાનિકોએ વિરોધ કરતા જ જોતજોતામાં ત્યાં લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન કેટલાક તોફાની તત્વોએ અચાનક પોલીસ ટુકડી પર ભારે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. સ્થિતિ બેકાબૂ બનતા પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસ છોડ્યો અને લાઠીચાર્જ કર્યો હતો. આ હિંસક અથડામણમાં અનેક પોલીસ જવાનોને ઈજાઓ પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્પેશિયલ ઓપરેશન કમિશનર રાહુલ પ્રકાશ, અધિક પોલીસ કમિશનર ડો. રાજીવ પચાર અને મનીષ અગ્રવાલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વરિષ્ઠ અધિકારીઓએ પોતે મોરચો સંભાળીને મામલો શાંત પાડ્યો હતો. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે ચોમૂ બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે, જ્યાં ડ્રોન અને સીસીટીવીથી સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુથી પ્રશાસને ચોમૂમાં ૨૬ ડિસેમ્બર સવારે ૭ વાગ્યાથી ૨૪ કલાક માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.




# તંત્રી લેખ......

## લઘુમતીની વ્યાખ્યા સ્થાપિત થવી જોઈએ, માપદંડ સ્થાપિત થવા જોઈએ

હવે વસ્તી ગણતરી શરૂ થવાની છે, ત્યારે ભારતમાં વાસ્તવિક લઘુમતી કોણ છે તે પણ ધ્યાનમાં લેવું જોઈએ. કારણ કે માતૃભૂમિના વિભાજનમાં સાંપ્રદાયિકતા અને તુષ્ટિકરણના દુઃખદ પરિણામો જોવા મળ્યા હતા. બંધારણની કલમ ૩૦ "લઘુમતી" શબ્દનો ઉપયોગ કરે છે, પરંતુ તે તેને વ્યાખ્યાયિત કરતી નથી. કેન્દ્ર સરકારને લઘુમતી કમિશન અધિનિયમ, ૧૯૯૨ હેઠળ લઘુમતીનો દરજ્જો આપવાનો અધિકાર છે. હાલમાં, છ સમુદાયો - મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, બૌદ્ધો, જૈનો અને પારસીઓ - ને લઘુમતીનો દરજ્જો મળ્યો છે. યહૂદીઓ આમાં શામેલ નથી. આમ, લઘુમતીનો દરજ્જો આપવાના માપદંડો અસ્પષ્ટ છે.

લઘુમતી સમુદાયોને ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આર્થિક લાભો સહિત વિવિધ લાભો પૂરા પાડવામાં આવે છે. શિક્ષણ અધિકાર કાયદો કે અનામત નિયમો લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડતા નથી. ઘણા રાજ્યો એવા છે જ્યાં કેટલાક સમુદાયો, રાજ્ય સ્તરે બહુમતીમાં હોવા છતાં, લઘુમતી યોજનાઓનો લાભ મેળવે છે. જો લાભ ખરેખર વંચિત લોકો સુધી પહોંચવાને બદલે સામાજિક અથવા પ્રાદેશિક રીતે મજબૂત સમુદાયો સુધી પહોંચે છે, તો તે અન્ય જરૂરિયાતમંદ સમુદાયો માટે તકોને અસર કરે છે. વધુમાં, તે રાજ્ય સરકારો પર વધારાનો નાણાકીય દબાણ લાવે છે અને લઘુમતીવાદની રાજનીતિને મજબૂત બનાવે છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, દેશમાં વિવિધ ધર્મોના લોકોની વસ્તી નીચે મુજબ હતીઃ હિન્દુઓ ૭૯.૮ ટકા, મુસ્લિમો ૧૪.૨ ટકા, ખ્રિસ્તીઓ ૨.૩ ટકા, શીખ ૧.૭ ટકા, બૌદ્ધ ૦.૭ ટકા, જૈન ૦.૪ ટકા અને પારસી ૦.૦૦૬ ટકા. લોકશાહીમાં, વસ્તી શક્તિ સરકારી નીતિઓને પ્રભાવિત કરી શકે છે અને કરે છે. મુસ્લિમો, તેમની સંખ્યાના આધારે, એક શક્તિશાળી અને પ્રભાવશાળી સમુદાય છે. તેઓ સરકારને નમ્રતા દાખવવા માટે દબાણ કરવા સક્ષમ છે, જેમ આપણે શાહ બાનો કેસમાં જોયું છે. હાલમાં, લઘુમતીનો દરજ્જો રાષ્ટ્રીય સ્તરે નક્કી થાય છે. પરિણામે, લક્ષદ્વીપ (૯૬.૫૮ ટકા) અને જમ્મુ અને કાશ્મીર (૬૮.૩૧ ટકા) જેવા રાજ્યોમાં પણ જ્યાં મુસ્લિમો બહુમતીમાં છે, તેમને લઘુમતીનો દરજ્જો આપવામાં આવે છે. આ ઉપરાંત, છ રાજ્યો એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છેઃ આસામ (૩૪.૨૨ ટકા), બંગાળ (૨૭.૦૧ ટકા), કેરળ (૨૬.૫૬ ટકા), ઉત્તર પ્રદેશ (૧૯.૨૬ ટકા), બિહાર (૧૬.૯ ટકા) અને ઝારખંડ (૧૪.૫૩ ટકા). શું મોટી વસ્તી ધરાવતા રાજ્યોમાં પણ મુસ્લિમોને લઘુમતીનો દરજ્જો આપવો જોઈએ? જિલ્લાઓની વાત કરીએ તો, બિહારમાં ૧૧ જિલ્લાઓ છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. કિશનગંજમાં ૬૭.૯૮ ટકા, કટિહારમાં ૪૪.૪૭ ટકા, અરરિયામાં ૪૨.૯૫ ટકા અને પૂર્ણિયામાં ૩૮.૪૬ ટકા છે. ઉત્તર પ્રદેશમાં ૧૫ જિલ્લાઓ છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ છે. મુરાદાબાદ અને રામપુરમાં અનુક્રમે ૫૦.૮૦ ટકા અને ૫૦.૫૭ ટકા છે. બિજનૌર, સહારનપુર, મુઝફ્ફરનગર, અમરોહા (જ્યોતિબા ફૂલે નગર), બલરામપુર, બરેલી, મેરઠ અને બહરાઇચ જેવા જિલ્લાઓમાં તેમની વસ્તી ૩૦ ટકાથી વધુ છે. બંગાળમાં, ૧૩ જિલ્લાઓ એવા છે જ્યાં મુસ્લિમ વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે. મુર્શિદાબાદ અને માલદામાં તેઓ અનુક્રમે ૬૬.૨૭ અને ૫૧.૨૭ ટકા વસ્તી સાથે બહુમતીમાં છે. બિહાર, ઉત્તર પ્રદેશ અને બંગાળ સહિત અન્ય રાજ્યોમાં પણ આવી જ સ્થિતિ છે. ઝારખંડના છ જિલ્લાઓમાં, તેમની વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે. આસામમાં, તેઓ ૧૧ જિલ્લાઓમાં બહુમતીમાં છે. શું મુસ્લિમોને ગીચ વસ્તીવાળા જિલ્લાઓમાં પણ લઘુમતીનો દરજ્જો આપવો જોઈએ? જો આપણે ખ્રિસ્તી વસ્તી પર નજર કરીએ, તો તેઓ ત્રણ રાજ્યોમાં બહુમતીમાં છે અને અન્ય પાંચ રાજ્યોમાં કેન્દ્રિત છે. કુલ ૧૪ રાજ્યોમાં વસ્તી રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ

ક્રીડા ભારતીના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને મળી અને તેમાં પણ અમદાવાદની પસંદગી થઈ તેવા ગૌરવપૂર્ણ અવસરે ક્રીડા ભારતીનું અધિવેશન અમદાવાદમાં યોજાયું છે. તેનાથી સ્પોર્ટ્સ સેક્ટરને નવી દિશા મળશે.

વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, જીવનમાં દરેક ક્ષેત્રે વિકાસ થવો જોઈએ અને તેમાં ખેલકૂદનું પણ મહત્વ છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ આવા ઉદાત ભાવ સાથે ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા ૨૦૧૦થી ખેલ મહાકુંભ શરૂ કરાવ્યો છે. ખેલ મહાકુંભના પરિણામે રાજ્યના ગ્રામીણ વિસ્તારો સુધી સ્પોર્ટ્સ પ્રત્યેની ઉત્સુકતા વધી છે અને ખેલ મહાકુંભમાં ભાગ લેનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહિ છે.

૨૦૧૦માં ૧૬લાખ લોકોની સહભાગીતાથી શરૂ થયેલા ખેલ મહાકુંભની ૨૦૨૫ એડીશનમાં ૭૨લાખ લોકો જોડાયા છે.

એટલુ જ નહિ, ખેલ મહાકુંભની સફળતાને પગલે ગુજરાતના ૧૬ જેટલા પ્રતિભાવંત ખેલાડીઓએ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય રમતોમાં રાજ્ય અને દેશનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાચીન ગ્રંથોના રમતોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારતમાં પુરાણકાળથી રમતગમત એ સંસ્કૃતિ અને જીવનશૈલીનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી છે. હજારો વર્ષ પહેલા લખાયેલા ગ્રંથોમાં પણ ૬૪ વિદ્યાઓ દ્વારા વ્યક્તિના કૌશલ્ય વિકાસની વાત કરવામાં આવી છે, તેમાં ઘણી વિદ્યાઓ રમત સાથે જોડાયેલી હોવાનો ઉલ્લેખ છે તેવું તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, ભગવાન શ્રી કૃષ્ણ બાળપણમાં ગેડીદડાની રમત રમ્યાનો ઉલ્લેખ આપણા ગ્રંથોમાં છે, આ ઉપરાંત ગુરુ દ્રોણાચાર્યના ગુરુકુળમાં કૌરવો અને પાંડવો વચ્ચે ધનુષ્ય બાણ અને ગદા યુદ્ધ જેવું સ્પર્ધાઓનું વર્ણન પણ છે. યજુર્વેદમાં ફિઝિકલ ટ્રેનિંગ, અર્થવેદમાં સ્વસ્થ શરીર અને સમાજને રાજ્યની કરોડરજ્જુ કહી છે. આ બધું ખેલભાવના માટેનું પ્રતિબિંબ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ક્રીડા ભારતીના પાંચમા અધિવેશનમાં સમગ્ર દેશમાંથી પધારેલા ખેલાડીઓ, પ્રશિક્ષકો અને સ્વયંસેવકોનું ગુજરાતની ધરતી પર પધારવા બદલ સ્વાગત કરી જણાવ્યું હતું કે ક્રીડા ભારતી સંસ્થા ભારતીય સંસ્કૃતિમાં વર્ણવાયેલી આવી અનેક રમતોના સંરક્ષણ માટે રમતગમત દ્વારા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપી રહી છે. અને દેશપ્રેમના સંસ્કાર સિંચન થકી ખેલાડીઓ નહીં પણ ભાવિ નાગરિકો તૈયાર કરવાનું કામ ક્રીડા ભારતી કરે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ઓલિમ્પિકના ભાગરૂપે આગામી સમયમાં ૫ જેટલી વર્લ્ડ ક્લાસ રમતોના આયોજન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ક્રીડા જ્યોત સ્મારિકા પુસ્તકનું વિમોચન કરાયું હતું. અમદાવાદના શ્રી કલ્કી તીર્થધામ, પ્રેરણપીઠ ખાતે આયોજિત ત્રિ-દિવસીય અધિવેશનમાં સમગ્ર દેશમાંથી ક્રીડા ભારતી સંસ્થા સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહેશે.

### રાજ્યપાલશ્રીએ અશ્વોનું પ્રદર્શન નિહાળ્યું; દેશી ગૌવંશનું નિરીક્ષણ કર્યુ

# મોરબીના વાંકાનેર ખાતે ત્રિદિવસીય 'કામા અશ્વ શો'ના પ્રથમ દિવસે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરીમામય ઉપસ્થિતિ

"ગાય, અશ્વ સહિતનું પશુધન આદિકાળથી સમૃદ્ધિનું પ્રતિક રહ્યું છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને વિરાસતના આ અભિન્ન અંગને બચાવવાની આપણી સૌની જવાબદારી": રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી





મોરબીમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે મહત્વના સ્થળ એવા વાંકાનેર ખાતે માનવી અને અશ્વ વચ્ચેના અતૂટ વિશ્વાસના સંબંધની પ્રતિકૃતિ સમાન ત્રિદિવસીય કાઠિયાવાડી મારવાડી અશ્વ પ્રદર્શન - રમતોત્સવ 'કામા અશ્વ શો'નું પશુપાલન વિભાગ, પ્રવાસન વિભાગ તથા કાઠીયાવાડી હોર્સ બ્રિડર્સ એસોસિએશન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાંકાનેરના રાજવી સ્વશ્રી ડૉ. દિગ્વિજયસિંહ ઝાલાની સ્મૃતિમાં આયોજન કરવામાં આવ્યું છે. જેના પ્રથમ દિવસે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત રહી સમગ્ર આયોજનની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. રાજ્યપાલશ્રીના હસ્તે અશ્વોની વિવિધ જાતોના ઉત્કૃષ્ટ રખેવાળોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતુ કે, વૈદિક કાળથી આપણી સંસ્કૃતિ અને ધરોહરમાં વીર અને શૌર્યવાન યોદ્ધાઓની સાથે ગાય, સિંહ અને અશ્વનું મહત્વ સવિશેષ રહ્યું છે. ગાય અને અશ્વને આદિકાળથી સમૃદ્ધિના પ્રતિક માનવામાં આવ્યા છે. પશુધન આદિકાળથી સમૃદ્ધિનું પ્રતિક રહ્યું છે ત્યારે આપણી સંસ્કૃતિ અને વિરાસતના આ અભિન્ન અંગને બચાવવાની આપણી સૌની જવાબદારી છે.

રાજા મહારાજાના સમયમાં પશુ સંવર્ધન માટે આ પ્રકારના આયોજનો થતા હતા. કામા અશ્વ શોની શરૂઆત વાંકાનેરના રાજવી અને દેશના તત્કાલીન પર્યાવરણ મંત્રી સ્વશ્રી ડૉ. દિગ્વિજયસિંહ ઝાલાએ કરાવી હતી જે તેમના પશુ પ્રેમ અને પ્રકૃતિ પ્રેમનો પરિચય કરાવે છે. પ્રકૃતિ પ્રેમ માટે તેમણે જે તે સમયે રેલવે વિભાગના નીતિવિષયક નિયમોમાં ફેરફારો કરાવી રેલવેના પાટામાં લાકડાના બદલે સિમેન્ટના સ્લીપરનો ઉપયોગ કરાવવાનું ચાલુ કરાવ્યું, તેમના આ નિર્ણય એ પ્રકૃતિ સંવર્ધનમાં અને વૃક્ષોને બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. વધુમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે મિશન મોડ પર કામગીરી શરૂ કરાવી છે. પ્રાકૃતિક કૃષિ માટે દેશી ગાય ખૂબ મહત્વ ધરાવે છે. ખેડૂત એ દેશની આર્થિક સમૃદ્ધિ અને ગૌમાતા ખેડૂતની સમૃદ્ધિનો આધાર છે. દેશી ગાયોની નસલો લુપ્ત થતી જાય છે જેને બચાવવી ખૂબ જરૂરી છે. આયુર્વેદમાં ગાયનું ગૌમૂત્ર અમૃત સમાન છે, દેશી ગાયનું ગૌમુત્ર બિનઉપજાઉ જમીનને ફળદ્રુપ બનાવે છે. ભારતની દેશી ગાયનું દૂધ અમૃત સમાન છે, જે બાળકોને વીર અને શૌર્યવાન બનાવે છે. ત્યારે તેમણે સૌને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અને ગૌ સંવર્ધન માટેના પ્રયાસોને સતત પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને વાંકાનેર સ્ટેટશ્રી કેસરીદેવસિંહજી ઝાલાએ સ્વાગત પ્રવચન આપતા રાજ્યપાલશ્રી તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત અભિવાદન કર્યું હતું તથા કાર્યક્રમની આછેરી રૂપરેખા આપી હતી.

રાજકોટ પોલીસ માઉન્ટના અશ્વ સવાર પોલીસ જવાનો દ્વારા અશ્વો સાથે કરવામાં આવેલ વિવિધ કરતબોનું રાજ્યપાલશ્રીએ નિદર્શન કર્યુ હતું. તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત દેશી ગૌવંશ તથા ભેંસોનું નિરીક્ષણ કર્યુ હતું.

આ પ્રસંગે પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જસદણ સ્ટેટશ્રી સત્યજિતકુમાર ખાચર, ગોંડલ સ્ટેટશ્રી હિમાંશુસિંહ જાડેજા, આચાયશ્રી ઘનશ્યામજી મહારાજ, કલેકટરશ્રી કે.બી. ઝવેરી, પશુ પાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકર, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવલદાન ગઢવી, વાંકાનેર પ્રાંત અધિકારીશ્રી વિપુલ સાકરીયા, મામલતદારશ્રી કે.વી. સાનિયા, કાઠિયાવાડી હોર્સ બ્રીડર એસોસિએશનનાશ્રી અજીતસિંહ ગોહિલ સહિત કાઠીયાવાડી મારવાડી અશ્વ શો ના પદાધિકારીશ્રીઓ તથા અશ્વપાલકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

- બળવંતસિંહ જાડેજા

# સુરતના પાલનપુરમાં મહિલાઓ પોલીસની રાહ જોયા વગર દારૂના અડ્ડા પર ત્રાટકી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના પાલનપુરમાં દારૂના દૂષણ સામે આખરે નારીશક્તિ મેદાનમાં ઉતરી છે. મહાદેવ ફળિયામાં રહેણાક વિસ્તારમાં ચાલતા દેશી દારૂના અડ્ડાથી કંટાળેલી મહિલાઓએ જનતા રેડ કરી કરી હતી. બૂટલેગરો સામે ઉશ્કેરાયેલી મહિલાઓએ દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી અડ્ડાનો સોથ વાળી દીધો હતો. મળતી માહિતી અનુસાર, શેહરના પાલનપુરમાં મહાદેવ ફળિયામાં લાંબા સમયથી દેશી દારૂનું વેચાણ ચાલતું હતું, જેના કારણે કોલેજ જતી યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા જોખમાઈ હતી. જ્યારે મહિલાઓ આ અડ્ડો બંધ કરાવવા ગઈ, ત્યારે બૂટલેગરે ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો કે, 'અહીં દારૂ વેચાય તો તમને શું વાંધો છે? તમને શું નડે છે?' આ સાંભળતા જ મહિલાઓનો સંયમ તૂટ્યો અને માસૂમ બાળકોને તેડીને પણ મહિલાઓ અડ્ડાની અંદર ઘૂસી ગઈ હતી અને દારૂના જથ્થાનો નાશ કરવાનું શરૂ કર્યું હતું.

મહિલાઓએ આ રેડ ત્યારે પાડી જ્યારે અડ્ડા પર ગ્રાહકોની ભીડ જામી હતી. મહિલાઓના રૌદ્ર સ્વરૂપને જોઈને દારૂ પીવા આવેલા અસામાજિક તત્ત્વો અને બૂટલેગરોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. મહિલાઓએ રસ્તા પર દારૂની પોટલીઓ ફેંકીને તંત્રની નિષ્ક્રિયતા સામે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

ઘટનાની જાણ થતા જ પાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# હરિયાણા વિધાનસભાના ધારાસભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે



હરિયાણા વિધાનસભાના જાહેર સાહસ સમિતિના અધ્યક્ષ શ્રી રામકુમાર ગૌતમ સહિત ૯ ધારાસભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ પાંચ દિવસના અભ્યાસ પ્રવાસે ગુજરાત પધાર્યું છે, જે આગામી તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી રોકાશે.

આ અભ્યાસ પ્રવાસના ભાગરૂપે પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી, જ્યાં એડવાઈઝરી, ફાઈનાન્સિયલ, એક્શન ટેકન રિપોર્ટ, ટુરિઝમ વિભાગની કામગીરી સહિતના મુદ્દાઓ પર વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે હરિયાણા વિધાનસભા જાહેર સાહસ સમિતિના અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી રામકુમાર ગૌતમે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજાલક્ષી વિકાસકાર્યો થકી દેશને નવી દિશા મળી છે. શ્રી ગૌતમે ગુજરાત વિધાનસભાના અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લાયબ્રેરી સુવિધાઓ, અધિકારી-કર્મચારીઓની કાર્યપ્રણાલી સહિતની કામગીરીની ખૂબ પ્રશંસા કરી હતી.

વિધાનસભા ખાતે ઉપસ્થિત અધિકારીઓ દ્વારા પ્રતિનિધિ મંડળને ગૃહની બેઠક વ્યવસ્થા, ધારાસભ્યો તથા મંત્રીશ્રીઓને મળતી સુવિધાઓ, વિધાનસભાની કાર્યપદ્ધતિ તેમજ **National e-Vidhan Application (NeVA)** સેવા કેન્દ્રની કામગીરી અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. વિધાનસભાની મુલાકાત દરમિયાન વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટા મહેતા સહિત વિધાનસભાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, હરિયાણા વિધાનસભાનું આ પ્રતિનિધિ મંડળ અભ્યાસ પ્રવાસ દરમિયાન ગાંધીનગર ઉપરાંત દ્વારકા, સોમનાથ અને સાસણ ગીર સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરશે. - જીગર બારોટ

# ચાંદલોડિયા-સાણંદ સ્ટેશનો વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેના અમદાવાદ–વિરમગામ સેક્શનમાં ચાંદલોડિયા–આંબલી રોડ–ગોરાઘુમા–સાણંદ સ્ટેશનો વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ સ્થાપન કાર્ય માટે ૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે મુજબ છે:

રદ્દ કરાયેલ ટ્રેનો

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ્દ રહેશે.

તારીખ ૨૮.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ્દ રહેશે.

આંશિક રીતે રદ્દ કરાયેલ ટ્રેનો

તારીખ ૨૮.૧૨.૨૦૨૫ અને ૨૯.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ–વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ–સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ અને ૨૮.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ–ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ સુરેન્દ્રનગર–ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ્દ રહેશે.

પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ–વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ ગાંધીનગર કેપિટલ–ચાંદલોડિયા–વિરમગામના બદલે પરિવર્તિત માર્ગે ગાંધીનગર કેપિટલ–કલોલ–કાટોસણ રોડ–વિરમગામ ના માર્ગ થી દોડશે. આ ટ્રેન ચાંદલોડિયા નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૨૯૭૨ ભાવનગર–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ બોટાદ–વિરમગામ–અમદાવાદના બદલે પરિવર્તિત માર્ગે બોટાદ–ગાંધીગ્રામ–સાબરમતીના માર્ગ થી દોડશે. આ ટ્રેન વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, જોરાવર નગર, લિંબડી અને રાણપુર સ્ટેશનો પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૦૯૦૩૭ બાંદ્રા ટર્મિનસ–ભુજ સ્પેશિયલ પોતાના નિર્ધારિત માર્ગ અમદાવાદ–વિરમગામ–ધ્રાંગધ્રા–સમાખ્યાળી ના બદલે પરિવર્તિત માર્ગે અમદાવાદ–મહેસાણા–ભીલડી–સમાખ્યાળી ના માર્ગથી દોડશે. આ ટ્રેન ધ્રાંગધ્રા સ્ટેશન પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૯૦ મહુવા–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ બોટાદ–વિરમગામ–અમદાવાદના બદલે પરિવર્તિત માર્ગે બોટાદ–ગાંધીગ્રામ–સાબરમતીના માર્ગથી દોડશે. આ ટ્રેન સુરેન્દ્રનગર ગેટ અને વિરમગામ સ્ટેશનો પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૫૫ સુરત–મહુવા એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ અમદાવાદ–વિરમગામ–બોટાદના બદલે પરિવર્તિત માર્ગે અમદાવાદ–સાબરમતી–ગાંધીગ્રામ–બોટાદના માર્ગથી દોડશે. આ ટ્રેન સુરેન્દ્રનગર ગેટ અને વિરમગામ સ્ટેશનો પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૨૯૭૧ બાંદ્રા ટર્મિનસ–ભાવનગર એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ અમદાવાદ–વિરમગામ–બોટાદના બદલે પરિવર્તિત માર્ગે અમદાવાદ–સાબરમતી–ગાંધીગ્રામ–બોટાદના માર્ગથી દોડશે. આ ટ્રેન વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, જોરાવર નગર, લિંબડી અને રાણપુર સ્ટેશનો પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર–દિલ્લી સરાય રોહિલ્લા એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ વિરમગામ–ચાંદલોડિયા–મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગે વિરમગામ–મહેસાણા–પાલનપુર ના માર્ગથી દોડશે. આ ટ્રેન ચાંદલોડિયા સ્ટેશન પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૪૩૧૧ બરેલી–ભુજ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ મહેસાણા–ચાંદલોડિયા –વિરમગામના બદલે પરિવર્તિત માર્ગે મહેસાણા–વિરમગામ–સમાખ્યાળી ના માર્ગથી દોડશે. આ ટ્રેન ચાંદલોડિયા સ્ટેશન પર નહીં જાય.

તારીખ ૨૭.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૫૮ વેરાવળ–ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ વિરમગામ–ચાંદલોડિયા–ગાંધીનગર કેપિટલના બદલે પરિવર્તિત માર્ગે વિરમગામ–કાટોસણ રોડ–કલોલ–ગાંધીનગર કેપિટલ ના માર્ગથી દોડશે. આ ટ્રેન ચાંદલોડિયા સ્ટેશન પર નહીં જાય.

તારીખ ૨૮.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૬૯૦૧ સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ સાબરમતી–ચાંદલોડિયા–વિરમગામના બદલે પરિવર્તિત માર્ગે સાબરમતી–કલોલ–કાટોસણ રોડ–વિરમગામ ના માર્ગથી દોડશે.

તારીખ ૨૮.૧૨.૨૦૨૫ની ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા–અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ વિરમગામ–ચાંદલોડિયા–અમદાવાદના બદલે પરિવર્તિત માર્ગે વિરમગામ–કાટોસણ રોડ–કલોલ–અમદાવાદ ના માર્ગથી દોડશે. આ ટ્રેન સાણંદ અને સાબરમતી (જેલ સાઈડ) પર નહીં જાય; આ દરમિયાન સાબરમતી (ધરમનગર સાઈડ) સ્ટેશન પર રોકાશે.

ટ્રેનોના રોકાણ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને તપાસ કરી શકે છે.

# મંડળ રેલ પ્રબંધક અમદાવાદ દ્વારા સાબરમતી–કલોલ–મહેસાણા–પાલનપુર સેક્સનનું નિરીક્ષણ



ગુજરાતમાં રેલ સંરક્ષા અને વિકાસની દિશામાં નિરંતર આગળ વધી રહેલી ભારતીય રેલવે દ્વારા રેલ સંરક્ષા તથા આધારભૂત માળખાની મજબૂતી માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. આ જ ક્રમમા તારીખ ૨૬.૧૨.૨૦૨૫ના રોજ પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક(ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે વરિષ્ઠ રેલ અધિકારીઓ સાથે સાબરમતી–કલોલ–મહેસાણા–પાલનપુર રેલ વિભાગનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન સાબરમતીથી પાલનપુર વચ્ચેના રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, નાના તથા મુખ્ય પુલો, પોઈન્ટ્સ અને ક્રોસિંગ, સેક્સનના કર્વ્સ, ક્રોસિંગ તેમજ વિવિધ સુરક્ષા ધોરણોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી અને સંબંધિત અધિકારીઓ સાથે સંરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.

નિરીક્ષણ દરમિયાન સાબરમતી–કલોલ સેક્સન વચ્ચે સ્થિત લેવલ ક્રોસિંગ નં. ૨૪૦ (એસપીએલ) પર ચાલી રહેલા રિપેરિંગ અને સંરક્ષા કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમજ કલોલ રેલવે સ્ટેશન પર અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ડાંગરવા યાર્ડમાં પોઈન્ટ્સ અને ક્રોસિંગ (પીએન્ડસી) તેમજ સ્વિચ એક્સપેન્શન જોઈન્ટ્સ (એસઈજે)નું નિરીક્ષણ કરવામાં આવ્યું અને કર્વ્ નં. ૧૧૬ની સંરક્ષા તપાસ કરવામાં આવી. આ ઉપરાંત મુખ્ય પુલ નં. ૯૬૫ ડીએન (કમ્પોઝિટ ગર્ડર) નું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ખારી નદી પર કાર્યરત પી-વે ગેંગનું નિરીક્ષણ કરતા મંડલ રેલ પ્રબંધકે ગેંગમેનો સાથે સંવાદ કર્યો અને ઉપયોગમાં લેવાતા સુરક્ષા સાધનો અંગે માહિતી મેળવી.

મહેસાણા સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન આરપીએફ પોસ્ટની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી તેમજ રેલવે હેલ્થ યુનિટનું નિરીક્ષણ કરીને ઉપલબ્ધ તબીબી સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. સાથે સાથે રેલવે કોલોનીની સુવિધાઓનું અવલોકન કરવામાં આવ્યું અને સ્ટેશન પરિસરમાં નવા વિકસિત પાર્કનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું. ઉંઝામાં રોડ અંડર બ્રિજનું નિરીક્ષણ કરીને સંરક્ષા અને મુસાફર સુવિધાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું સાથે જ સિદ્ધપુરમાં રેલવે કોલોનીનું નિરીક્ષણ કરવામાં આવ્યું.

કલોલ, મહેસાણા અને પાલનપુર રેલવે સ્ટેશનો પર માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ,વેટિંગ રૂમ સહિત વિવિધ આધારભૂત સંરચના કાર્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસિત કરવામાં આવી રહેલા મહેસાણા, પાલનપુર અને સાબરમતી સ્ટેશનોના પુનર્વિકાસ કાર્યોની પ્રગતિનું પણ ઊંડાણપૂર્વક સમીક્ષા કરી.

નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને કાર્યોની ગુણવત્તા, સમયસર પૂર્ણતા તેમજ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાનો વાયદો રૂ.૧,૨૫૪ અને ચાંદીનો વાયદો રૂ.૮૭૬૭ના જંગી ઉછાળા સાથે બંને વાયદા ઓલ ટાઈમ હાઈ સ્તરે

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૬નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૫૫૯.૧૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૯૦૦૪.૩૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૪૪૫૯.૨૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૩૧૯ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૨૫૭૪.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૩૫૫૯.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૯૦૦૪.૩૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૫૩૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૬૪.૨૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૪૫૯.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૫૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૯૪૩૩ અને નીચામાં રૂ.૧૩૮૫૭૪ના મથાળે અથડાઈ, રૂ.૧૩૮૦૯૭ના આગલા બંધ સામે રૂ.૧૨૫૪ વધી રૂ.૧૩૯૩૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૮૬ વધી રૂ.૧૧૧૨૦૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૬ વધી રૂ.૧૩૮૯૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૨૭ વધી રૂ.૧૩૭૩૩૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૩૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૭૫૬૭ અને નીચામાં રૂ.૧૩૬૧૧૨ના મથાળે અથડાઈ, રૂ.૧૩૬૩૮૮ના આગલા બંધ સામે રૂ.૧૦૭૯ વધી રૂ.૧૩૭૪૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૨૪૩૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૩૧૮૩ અને નીચામાં રૂ.૨૨૪૩૭૪ના મથાળે અથડાઈ, રૂ.૨૨૩૭૯૦ના આગલા બંધ સામે રૂ.૮૭૬૭ વધી રૂ.૨૩૨૫૫૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૮૭૫ વધી રૂ.૨૩૩૧૮૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૮૭૯૫ વધી રૂ.૨૩૩૧૦૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૭૨૦૩.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૫૭.૯ વધી રૂ.૧૨૧૪.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૩.૬૫ વધી રૂ.૩૦૬.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૬.૬ વધી રૂ.૨૯૨.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૪૫ પૈસા વધી રૂ.૧૮૧.૮૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૫૨.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૧૨ અને નીચામાં રૂ.૩૯૬૧ના મથાળે અથડાઈ, રૂ.૧૯ ઘટી રૂ.૩૯૬૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૯૦ અને નીચામાં રૂ.૫૨૬૬ના મથાળે અથડાઈ, રૂ.૫૨૭૨ના આગલા બંધ સામે રૂ.૧૬ વધી રૂ.૫૨૮૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૫૨૮૯ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૩ વધી રૂ.૩૯૦.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૦.૬ વધી રૂ.૩૯૦.૩ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૪.૨ના ભાવે ખૂલી, રૂ.૪ વધી રૂ.૯૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૧ના ભાવે ખૂલી, રૂ.૯ વધી રૂ.૨૬૯૮ના ભાવે બોલાયો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૫૪૮.૮૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૯૧૦.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૬૪૭૫.૦૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૯.૫૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૭.૭૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૦.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૨.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૪૧.૨૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૯૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૦૪૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૮૬૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૪૪૮૯૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૬૦૬૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૦૭૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૧૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૮૯૭૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૩૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૨૯૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૭૮૪૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૫૧૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૩૭૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૧૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૬૬ પોઈન્ટ વધી ૩૫૩૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૯ વધી રૂ.૧૪૯.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૬ વધી રૂ.૩૨.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૨ વધી રૂ.૧૬૩૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૨૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૭૪૫.૫ વધી રૂ.૧૫૬૮૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૧૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૨.૯૮ વધી રૂ.૮૨ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૨ વધી રૂ.૧૨.૫૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૨૫ વધી રૂ.૧૫૦.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૫૫ વધી રૂ.૩૨.૩ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫ વધી રૂ.૧૦૬૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૯૩૬.૫ વધી રૂ.૧૫૪૪૯.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૭ ઘટી રૂ.૧૬૫.૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮ ઘટી રૂ.૨૯.૨ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૫ ઘટી રૂ.૮૫૧ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૭૨.૫ ઘટી રૂ.૨૮૪૧.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦.૧૩ ઘટી રૂ.૧૪.૫ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા વધી રૂ.૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૩૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૭.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૨૫ ઘટી રૂ.૨૯.૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૦.૫ ઘટી રૂ.૩૯૪.૫ થયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૧૦.૫ ઘટી રૂ.૨૭૧૧ થયો હતો.

### સુરત જિલ્લામાં ૮૫૮ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-ખાતમુહૂર્ત – ઈ-લોકાર્પણ સંપન્ન કરતા મુખ્યમંત્રીશ્રી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકામાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા-૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ત્રિદિવસીય રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનો પ્રારંભ કરાવતા વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલનો મંત્ર આ મેળો પાર પડશે. રાજ્યના સમસ્ત આદિવાસી સમાજ અને સહયોગી સંસ્થાઓના ઉપક્રમે આ રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનું તા. ૨૬ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકાના વસરાઈમાં આયોજન કરવામાં આવ્યું છે. આદિવાસી સમાજના યુવાનો-યુવતીઓને સ્વરોજગારી માટેની પ્રેરણા તેમજ નાના મધ્યમ કક્ષાના MSME, ઉદ્યોગકારો અને વ્યવસાયોને એક મંચ પર સાથે લાવીને વ્યવસાય-ઉદ્યોગોનો વ્યાપ વધારવાના અભિગમ સાથે આ મેળો યોજાયો છે. એટલું જ નહીં, ૩૭૦થી વધુ સ્ટોલ્સ, આદિવાસી વાનગીઓના ૮૦ ઉપરાંત સ્ટોલ્સ, દેશભરના રાજ્યોના ૭૦૦થી વધુ પ્રતિનિધિઓની સહભાગીતા અને MSME માટે બિઝનેસ વર્કશોપ આ રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળામાં એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ પણ સાકાર કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ અને રાજ્યમંત્રી શ્રી ડૉ. જયરામ ગામીતની ઉપસ્થિતિમાં આ મેળાના પ્રારંભ સાથે સુરત જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ. ૮૫૮ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ સંપન્ન કર્યા હતા.

તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત અને આત્મનિર્ભર ભારતનું જે વિઝન આપ્યું છે તેમાં આદિવાસી ઉદ્યોગો, પરંપરાગત કલા કસબ અને MSME દ્વારા યોગદાન આપવામાં આ મેળો નવી દિશા આપશે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીએ આપેલા આત્મનિર્ભર-સ્વદેશીના આ વિઝનને ગુજરાત સુપેરે પાર પાડે છે તેની ભૂમિકાની સફળતા વર્ણવતા કહ્યું કે, રાજ્ય સરકારે સ્વ સહાય મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન અને કૌશલ્ય વર્ધન કેન્દ્રોથી યુવાઓને જોબ સીકરમાંથી જોબ ગિવર બનાવ્યા છે.

તેમણે સદીઓથી પરિશ્રમ, પ્રામાણિકતા અને સ્વાભિમાન સાથે જીવતા ગુજરાતના આદિવાસી સમાજના સર્વગ્રાહી વિકાસ માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી રૂ. ૨ લાખ કરોડની જનજાતિય કલ્યાણ યોજના દેશમાં આદિવાસીઓના વિકાસ માટે દિશાદર્શક બની છે તેનું પણ ગૌરવ કર્યું હતું. રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે આપણા માટે ગૌરવનો દિવસ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શરૂ કરેલી વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અવિરત રાખી છે. ટ્રાઈબલ ટ્રેડ ફેર આદિવાસી સંસ્કૃતિને જાળવવા સાથે આદિવાસી યુવકોને ઉદ્યોગ ધંધાનો અવસર આપી, સ્થાનિક સ્તરે રોજગારી આપવાનો પ્રયાસ છે. આદિવાસી યુવાઓ હુન્નર વિકસાવી તેઓ આગળ વધે એવા પ્રયાસોમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજને પ્રોત્સાહિત કરવા સરકાર આપણા આંગણે આવી છે. આદિવાસી સાહસિકોને પ્રોત્સાહિત કરવાનો આ અવસર છે. આ સરકારે આદિવાસી સમાજની ચિંતા કરી છે. તેમણે નવો તાલુકો અંબિકા બનાવવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગરાસિયાએ ટ્રાઈબલ ટ્રેડ ફેરની વિગતો આપતાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર સ્વદેશી અપનાવવા આગળ આવી છે, ત્યારે આ ટ્રાઈબલ ફેરમાં ૪૦૦ જેટલા સ્ટોલ્સ છે. ખાસ કરીને વોકલ ફોર લોકલ, પ્રાકૃતિક ખેતી, આદિવાસી ખાના ખજાના પ્રોત્સાહિત કરી સાહસિકો સ્વરોજગારી મેળવે તેવો આશય રહેલો છે. પ્રમુખશ્રીએ ઈકો ફ્રેન્ડલી બિઝનેસ સેન્ટર સ્થાપવાનું આયોજન હોવાનું પણ જણાવ્યું હતું. ટ્રાઈબલ ટ્રેડ ફેર પ્રારંભ અવસરે નેશનલ કમિશન શિડ્યુલ ટ્રાઈબના ચેરમન અંતરસિંહ આર્ય, એસટી વેલફેર સંસદીય સમિતિના ચેરપર્સન ડો.ફગ્ગનસિંહ કુલસ્તે, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિની પટેલ, બારડોલીના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, વલસાડના સાસંદશ્રી ધવલભાઈ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, કુંવરજી હળપતિ, સંદીપભાઈ દેસાઈ, વિજયભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, મોહનભાઈ કોંકણી, સામાજિક અગ્રણી માનસિંહભાઈ પટેલ તથા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર-જોડીયા હાઈવે રોડ પર હિટ એન્ડ રનના બનાવ બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લામાં અકસ્માતોની હારમાળા યથાવત રહી છે. જામનગર-જોડીયા ધોરીમાર્ગ પર બાલંભા ગામના પાટીયા પાસે હિટ એન્ડ રનના બનાવમાં જામનગરના એક યુવાનનું ડમ્પરની ઠોકરે ગંભીર ઈજા થવાથી અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે.

જામનગરના ચાર મિત્રો આમરણ દરગાહે દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, જે દરમિયાન અકસ્માત નડ્યો હતો. અકસ્માતનો બીજો બનાવ કાલાવડ નજીક ખંઢેરા પાસે બન્યો હતો. જ્યાં એકટીવા સ્કૂટર અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં જામનગરના બે યુવાનોને ગંભીર ઈજા થઈ છે, અને સારવારમાં ખસેડાયા છે.

અકસ્માતનો પ્રથમ બનાવ જોડીયા જામનગર હાઈવે રોડ પર બાલંભા ગામના પાટીયા પાસે બન્યો હતો. જ્યાં પૂરપાટ ઝડપે આવી રહેલા જી.જે. ૧૦ ટી.વાય.૮૮૭૧ નંબરના ડમ્પરના ચાલકે આગળ જઈ રહેલા જી.જે. ૧૦ સી.જે. ૮૭૭૮ નંબરના બાઈકના ચાલક શકીલ મોહમ્મદ હનીફ અન્સારી નામના જામનગરના ૧૯ વર્ષીય યુવાનને હડફેટે લઈ કચડી નાખતાં તેનું આંતરિયાળ મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત બાદ ડમ્પરનો ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતક યુવાન શકીલ પોતાના અન્ય ચાર મિત્રો આફતાબ યુનુસભાઈ દરજાદા, અમન સંધી અને મહેબુબભાઈ સાથે જામનગરથી આમરણ દરગાહે દર્શન કરવા માટે ગયો હતો, અને ત્યાંથી પરત ફરી રહ્યો હતો, જે દરમિયાન બાલંભા પાસે આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. જે બનાવ અંગે મૃતક શકીલના પિતા મોહમ્મદ હનીફ અન્સારીએ જોડિયા પોલીસ મથકમાં ડમ્પરચાલક સામે ફરિયાદ નોંધાવતાં જોડીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.અકસ્માતનો બીજો જામનગર કાલાવડ ધોરી માર્ગ પર ખંઢેરા ગામના પાટીયા પાસે બન્યો હતો. જામનગરમાં નવાગામ ઘેડમાં રહેતા હરપાલસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ (ઉંમર વર્ષ ૩૨) કે જેઓ ઈન્દ્રજીતસિંહ ગુમાનસિંહ બારડ સાથે ધંધાના કામ અર્થ જામનગરથી કાલાવડ રોડ તરફ જઈ રહ્યા હતા" જે દરમિયાન ખંઢેરા ગામના પાટીયા પાસે જી.જે.૧૦ ટી.વાય. ૩૮૩૭ નંબરના ટ્રકના ચાલકે હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો.જે અકસ્માતમાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થઈ ગયા છે, અને કાલાવડની સરકારી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ હરપાલસિંહને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં તેમજ ઈન્દ્રજીતસિંહજીને રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, અને બંનેની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવવા અંગે ઈજાગ્રસ્ત હરપાલસિંહના પત્ની પૂર્ણાબા ગોહીલે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જે મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ વધુ તપાસ ચલાવે છે.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**MAHANAGARV SEVA SADAN**
**EAST ZONE**
**ENGINEERING DEPARTMENT**

**Short E Tender Notice No.24 / 2025-26**

| | |
|---|---|
| Name Of Work | (1) New D.I/ M.S Pipel line wrok and water Leakage Reparing CI / DI / MS. Clamping and maintenance of branch lines and other necessary works on diff. TP Road and chalis in new and old portion of Bhaipura ward East. Zone (2) New D.I/ M.S Pipel line wrok and water Leakage Reparing CI / DI / MS. Clamping and maintenance of branch lines and other necessary works on Jogeshwari Road, Sattadhar road and diff. TP road and Chalis in Bhaipura ward East Zone. |
| Submission Upto | Date:- 05-01-2026 upto 18:00 hrs. |
| Detail's & tenders available on. | https://tender.nprocure.com |

Dy. MUNICIPAL COMMISSIONER
(EAST ZONE)


# સુરેન્દ્રનગર જમીન કૌભાંડ બાદ કલેકટર વિરૂધ્ધ વધુ એક ફરીયાદ નોંધાઈ: રૂ.૩૮૫૦ કરોડનો સોલાર પ્રોજેકટ માત્ર રૂ.૮૦ કરોડમાં સોંપાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન કૌભાંડની તપાસમાં એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) એ ચોકાવનારા ખુલાસા કર્યા છે. એવુ બહાર આવ્યુ છે કે આશરે રૂપીયા ૩૮૫૦ કરોડના સોલાર પ્લાન્ટ પ્રોજેકટ ને માત્ર રૂપીયા ૮૦ કરોડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. એવી શંકા છે કે અધિકારીઓએ પોતાને ફાયદો કરાવવા માટે નિયમોનુ ઉલ્લંઘન કર્યુ હતુ,




તપાસ એજન્સીએ ખેતીની જમીનને બિનકૃષિ જમીનમાં રૂપાંતરીત કરી અને વિકાસકર્તાઓને ફાયદો કરાવવા માટે તેનુ કાવતરૂ ઘડયુ, હાલમા ઈડી શંકાસ્પદ કંપનીઓના બેંક વ્યવહારો અને મની ટ્રેલની તપાસ કરી રહી છે. જેના કારણે અનેક અગ્રણી વ્યકિતઓની ધરપકડ થઈ શકે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન કૌભાંડની તપાસ વધુ તીવ્ર બની છે. ખેડુતોની જમીનને વિકાસ કર્તાઓને ફાયદો કરાવવા માટે ગેરકાયદેસર રીતે રૂપાંતરીત કરવાના ગંભીર આરોપો વચ્ચે એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) એ એક અઠવાડીયા સુધી કલેકટર કચેરીમાં સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી. તપાસમાં જમીન વ્યવહારો, દસ્તાવેજો અને નાણાંકીય વ્યવહારોમાં વ્યાપક ગેરરીતીઓ બહાર આવી છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે સોલાર પ્લાન્ટનો પ્રોજેકટ નો ખર્ચ જેનો અંદાજીત રૂપીયા ૩૮૫૦ કરોડ હતો. તે માત્ર રૂપીયા ૮૦ કરોડની નજીવી રકમમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. તપાસ એજન્સીઓને શંકા છે કે આ સમગ્ર પ્રક્રિયા વ્યકિતગત લાભ માટે છેતરપીંડી હતી, આ જમીન વ્યવહારોમાં, ખેતીની જમીનને ઉતાવડમાં એનએ જાહેર કરવામાં આવી હતી અને પ્લોટીંગ કરવામાં આવ્યુ હતું. તપાસમાં જાણવા મળ્યુ હતુ કે ઈડી એ એક અઠવાડીયા માટે કલેકટર ઓફીસમાં રેકોર્ડની તપાસ કરી હતી.

એકસેલ સીટ માં ૨૦૦ નામો સાથે પ્રતિ ચો.મી. રૂપીયા ૧૦ ની કિંમત નકકી કરવામાં આવી હતી. એવુ બહાર આવ્યુ હતુ કે આ પ્રક્રિયામાં નિયમોનુ ઉલ્લંઘન કરવામાં આવ્યુ હતુ અને ખેડુતોની જમીન ઓછી કિંમતે હસ્તગત કરવામાં આવી હતી જેનાથી ડેવલપર્સ અને જમીન દલાલોને ફાયદો થયો હતો. તપાસ દરમિયાન જમીનના નકશા (બિનકૃષિ) એનએ મંજુરીના ઓર્ડર, વેચાણ કરાર, બેંક વ્યવહારો અને અન્ય મહત્વપૂર્ણ રેકોર્ડોની તપાસ કરવામાં આવી હતી. ઈડી ટીમે કલેકટર ઓફીસ, સંબંધિત તાલુકા ઓફીસ, સબ રજીસ્ટ્રાર ઓફીસ અને અન્ય વિભાગોના દસ્તાવેજોની પણ તપાસ કરી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર આ કૌભાંડમાં કેટલાક સરકારી અધિકારીઓ, જમીન દલાલો અને ખાનગી ડેવલપર્સનો હાથ હોવાની શંકા છે અને તેમની ભુમિકા નકકી કરવા માટે વિગતવાર તપાસ ચાલી રહી છે. તપાસ એજન્સીઓ મની ટ્રેલની પણ તપાસ કરી રહી છે. શંકાસ્પદ ખાતાઓ, ટ્રસ્ટો અને કંપનીઓ દ્વારા કરવામાં આવેલા વ્યવહારો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. અપ્રમાણસર સંપત્તિ એકઠી કરવાના મામલામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

સુરેન્દ્રનગરમાં જમીન ડી કલ્ટીવેશન (યુસી) સાથે સંકળાયેલ એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જયાં પ્રતિ ચો.મી. રૂપીયા ૧૦ નો લાંચ દર ખુલ્લેઆમ નકકી કરવામાં આવ્યો હતો. સુરેન્દ્રનગર કલેકટર સહિત વરીષ્ઠ અધિકારીઓના નિવાસસ્થાન પર દરોડા દરમિયાન મળી આવેલી બે પાનાની એકસેલ સીટમાંથી આ કૌભાંડ પ્રકાશમાં આવ્યુ છે. આ સીટ માં લાંચના વ્યવહારો, લાંચના દર અને તેમાં સામેલ ૨૦૦ થી વધુ લોકોના નામની બારીકાઈથી વિગતો આપવામાં આવી છે. આ સ્પ્રેડસીટ તપાસ એજન્સીઓ માટે એક મહત્વપૂર્ણ અને શકિતશાળી દસ્તાવેજી પુરાવા સાબિત થઈ રહી છે. દસ્તાવેજમાં જીએસટી અરજીઓ મંજુર કરવા માટે પ્રતિ ચો.મી. રૂપીયા ૧૦ નો લાંચ દર સ્પષ્ટપણે જણાવવામાં આવ્યો છે. એકસેલ સીટ માં બાકી અને પ્રાપ્ત ચુકવણી તેમજ લાંચ લેનારાઓના નામ કાળજીપૂર્વક દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા છે. આમા ઓનલાઈન અરજી નંબર, સર્વે વિગતો, જમીનનો વિસ્તાર, અરજીનો પ્રકાર અને સૌથી અગત્યનુ વિવિધ અરજદારો પાસેથી એકત્રીત અથવા બાકી લાંચની રકમનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર આ સીટમાં ઓછામાં ઓછા ૨૦૦ નામો છે, જે એજન્સીએ જપ્ત કર્યા છે. આ નામો અને જમીનના ટુકડાઓની ચકાસણી કરવામાં આવી છે અને તપાસ એજન્સીઓએ સ્પષ્ટ કર્યુ છે કે જમીન કૌભાંડ જેવા ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલા કોઈપણ વ્યકિતને બક્ષવામાં આવશે નહી અને કાયદાની જોગવાઈઓ અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. આ કેસમાં વધુ ખુલાસા અને ધરપકડ ની શકયતા નકારી શકાય નહી.


**પશ્ચિમ રેલવે**

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008

કામ - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-25-65 | 13-01-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન/ક્ષેત્ર | દિવસો | ઈ-હરાજીની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-Int-S1-EMU39RM-462 25-1 (જાહેરાત - ટ્રેનનું આંતરિક ભાગ) | 39 નોન-એસી EMU રેકની અંદર રૂટ મેપ દ્વારા જાહેરાતોનું પ્રદર્શન, કુલ 471 કોચ જેમાં 38 EMU રેક જેમાં 12 કોચ (કુલ 456 કોચ) અને 1 EMU રેક જેમાં 15 કોચ (કુલ 15 કોચ) છે - જે ત્રણ વર્ષના સમયગાળા માટે મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે પર કુલ 233.7 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે. | 1096 | 13-01-26 15:30:00 |
| 2 | ADVT-Int-S1-EMU38RM-460 25-1 (જાહેરાત - ટ્રેનનું આંતરિક ભાગ) | 38 નોન-એસી EMU રેકની અંદર રૂટ મેપ દ્વારા જાહેરાતોનું પ્રદર્શન, કુલ 462 કોચ - જેમાં 12 કોચ (કુલ 432 કોચ) સાથે 36 EMU રેક અને 15 કોચ (કુલ 30 કોચ) સાથે 2 EMU રેકનો સમાવેશ થાય છે - જે ત્રણ વર્ષના સમયગાળા માટે પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝનમાં કુલ 229.15 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે. | 1096 | 13-01-26 15:40:00 |
| 3 | ADVT-EFF-176202-2-25-2 (જાહેરાત-ટ્રેનનો બાહ્ય ભાગ (સંપૂર્ણ ચહેરો)) | પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝનના ગુજરાત એક્સપ્રેસ (22953/54) અને તેના લિંક રેક્સ (19033/34 અને 19035/36) ના કોચ પર 05 વર્ષના સમયગાળા માટે બાહ્ય (પૂર્ણ) સપાટી પર જાહેરાતનું પ્રદર્શન. | 1826 | 13-01-26 15:50:00 |
| 4 | ADVT-EBW-S1-16EMUExt-25-1 (જાહેરાત-ટ્રેન બાહ્ય ભાગ (બારીની નીચે)) | 16 EMU રેકની બાહ્ય બાજુની દિવાલ સપાટી (બારીની નીચે) પર વિનાઇલ રેપિંગ દ્વારા જાહેરાતોનું પ્રદર્શન, કુલ 204 કોચ - જેમાં 12 કોચવાળા 12 EMU રેક (કુલ 144 કોચ) અને 15 કોચવાળા 4 EMU રેક (કુલ 60 કોચ)નો સમાવેશ થાય છે - જે પાંચ વર્ષના સમયગાળા માટે મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે પર કુલ 4,270.75 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે. | 1826 | 13-01-26 16:00:00 |
| 5 | ADVT-EBW-S1-17EMUExt-25-1 (જાહેરાત-ટ્રેન બાહ્ય ભાગ (બારીની નીચે)) | 17 EMU રેક્સની બાહ્ય બાજુની દિવાલ સપાટી (બારીની નીચે) પર વિનાઇલ રેપિંગ દ્વારા જાહેરાતોનું પ્રદર્શન, કુલ 210 કોચ - જેમાં 12 કોચવાળા 15 EMU રેક્સ (કુલ 180 કોચ) અને 15 કોચ વાળા 2 EMU રેક્સ (કુલ 30 કોચ) - પાંચ વર્ષના સમયગાળા માટે પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન પર કુલ 4,392.92 ચોરસ મીટર વિસ્તારને આવરી લે છે. | 1826 | 13-01-26 16:10:00 |
| 6 | ADVT-BCT-MIRA-OH-448-25-1 (જાહેરાત - ઘરની બહાર) | મીરા રોડ અને ભાયંદર ખાતે હાલના હોર્ડિંગ સ્ટ્રક્ચર્સ (રિપેરિંગ/મજબૂતીકરણ સહિત) પર 3 વર્ષના સમયગાળા માટે જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1096 | 13-01-26 16:20:00 |

સંપર્ક વિગતો:- લેન્ડલાઇન નંબર:- 02267644212, ઇમેઇલ આઈડી:- acmadvtgbct@gmail.com
નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે.
લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0935

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

### દારૂ અને ગાંજાની ઘુષણખોરી રોકવા સાબરકાંઠા જિલ્લા પોલીસ સક્રિય

# સાબરકાંઠા જિલ્લા પોલીસવડા એકશન મોડમાં : નવા વરસની ઉજવણી પહેલા ગુજરાત રાજસ્થાન બોર્ડર પર ચેકીંગ સધન બનાવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા પોલીસવડા હવે એકશન મોડમાં આવી ગયા છે. ગુજરાતમાં કડક કાયદાના અમલીકરણ વચ્ચે સાબરકાંઠા જિલ્લા પોલીસવડાએ નવા વરસના તહેવારો પહેલા ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને માદક દ્રવ્યોના વેપારને રોકવા માટે ગુજરાત રાજસ્થાન સરહદ પર તપાસ સધન બનાવી છે.



સુરક્ષા અધિકારીઓએ પુષ્ટી આપી છે કે રાજસ્થાનમાંથી પ્રતિબંધિત પદાર્થો અને પ્રતિબંધિત દારૂના પ્રવાહને રોકવા માટે રાણી સરહદ સહિત મુખ્ય ક્રોસીંગ પોઈન્ટ પર કડક ચેકીંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જયાં દારૂનુ વેચાણ ગેરકાયદેસર રહે છે.

જિલ્લા પોલીસે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે સ્થાનિક પોલીસ, સર્વેલન્સ સેલની સંયુકત ટીમો ૨૪ કલાક તૈનાત કરવામાં આવી છે. ગુજરાતમાં પ્રવેશતા દરેક વાહનોનુ નિરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે અને રીઢા બુટલેગરોને ટ્રેક કરવા માટે જમીન પર ગુપ્ત માહિતી જાળવી રહ્યા છે. પોલીસે વધુમાં જણાવ્યુ હતુ કે આ પગલુ ૩૧ ડીસેમ્બર પહેલા વધેલી તકેદારીના વાર્ષિક પ્રક્રીયાને અનુસરે છે. જયાં ગેરકાયદેસર દારૂની ઘુષણખોરી સામાન્ય રીતે વધે છે. બોમ્બે પ્રોહિબિશન એકટ હેઠળ ૧૯૬૦ ના અમલીકરણને કારણે ગુજરાત પડોશી રાજસ્થાનમાંથી સતત દાણ ચોરીના પ્રયાસો જોતો રહે છે. ભુતકાળના પોલીસ ડેટા અનુસાર બનાસકાંઠા, અરવલ્લી અને સાબરકાંઠા જેવા સરહદી જિલ્લાઓમાં દર ડીસેમ્બરમાં દેશી બનાવટના દારૂ અને વિદેશી દારૂની નોંધપાત્ર જપ્તી થાય છે.

ચાલુ વરસે રાજયના ગૃહ વિભાગે તમામ જિલ્લા એકમોને એકસાઈઝ અને બોર્ડર પેટ્રોલ સેલ સાથે આંતર એજન્સી સંકલન વધારવા સુચના આપી હોવાના અહેવાલ છે. પોલીસ અધિકારીઓએ એવો પણ સંકેત આપ્યો હતો કે દાણચોરો દ્વારા ઉપયોગમાં લેવાતા ઓછા જાણીતા માર્ગો પર કામ ચલાઉ ચેકપોઈન્ટ અને અધ્યતન ટ્રેકીંગ સાધનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

અધિકારીઓએ કહ્યુ હતુ કે ઉદેશ માત્ર અમલીકરણ જ નહી પરંતુ રાજયભરમાં શાંતિપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવાનો પણ છે. દરમિયાન ગેરકાયદેસર વેપારમાં સામેલ સ્થાનિક નેટવર્ક પોલીસ કાર્યવાહીમાં વધારો થવા અંગે ચિંતા વ્યકત કરી છે અને કડક દેખરેખ ને કારણે થયેલા નુકશાનનો દાવો કર્યો છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતી કાલે ગુજરાતના એક દિવસના પ્રવાસેઃ અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયાધામના કાર્યક્રમમાં આપશે હાજરી

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતી કાલે તારીખ ૨૮ ડીસેમ્બર રવિવારે એક દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્વના કાર્યક્રમોમાં હાજરી આપશે.




જેમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, મુખ્ય કાર્યક્રમોમાં અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયા ધામના કાર્યક્રમમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં પાટીદાર સમાજના હજારો લોકો ઉપસ્થિત રહેવાના છે. આ ધામ કડવા પાટીદાર સમાજનુ મહત્વનુ કેન્દ્ર છે. જેમાં વિવિધ સેવાકાર્યો ચાલે છે તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આધારીત નમો ઉત્સવ કાર્યક્રમને પણ અમિત શાહ નિહાળશે, આ ઉત્સવમાં પ્રધાનમંત્રીના વિકાસકાર્યો અને યોગદાનને યાદ કરવામાં આવશે. જેમાં ભાજપ કાર્યકર્તાઓ અને સમર્થકો મોટી સંખ્યામાં જોડાશે.

તો બીજી તરફ ગાંધીનગર જિલ્લામાં પણ એક મહત્વના કાર્યક્રમમાં અમિત શાહ હાજરી આપશે, આ ઉપરાંત પ્રદેશ ભાજપના સંગઠનને વધુ મજબુત બનાવવા માટે અમિત શાહ વરીષ્ઠ નેતાઓ સાથે બેઠક કરી શકે છે. આ પ્રવાસ રાજયમાં ભાજપના આગામી કાર્યક્રમો માટે મહત્વનો માનવામાં આવે છે.

# વિમાન-ટ્રેન જેવી સુવિધા હવે એસટી બસમાંઃ એકસપ્રેસ બસમાં મુસાફરોને પુરી પડાશે ફુડ ઓન બસ સેવા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના દરેક નાગરીકને ઉચ્ચ ગુણવત્તાલક્ષી, સમયસર અને સુરક્ષિત પરીવહન સેવા પહોચાડવા એસટી નિગમ અનેક નવતર પ્રયાસો હાથ ધર્યા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી એ એસટી નિગમની બસમાં મુસાફરીની સુવિધાની સાથે સાથે નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે સતત દિશા નિર્દેશન કર્યુ છે.



એસટી નિગમ દ્વારા મુસાફરોને વિમાન અને રેલ્વેની જેમ હવે બસોમાં તેમની સીટ ઉપર ફુડ આપવાનો ઓન ડીમાન્ડ પેકડ ફુડ, ફુડ ઓન બસ નવીન પ્રોજેકટ હાથ ધરાશે. આ પ્રોજેકટ અંતર્ગત નિગમની એકસપ્રેસ બસોમાં સંચાલિત રૂટમાં પેસેન્જરોને ચાલુ બસે પેકેટ ફુડ મળી રહે છે. આ સેવાથી નિગમની નોન ટ્રાફીક આવકમાં પણ વધારો થાય તે હેતુથી આ નવીન પ્રોજેકટ પ્રયોગીક ધોરણે ફકત અમદાવાદ થી શરૂ કરવામાં આવશે. જેની ટેન્ડર પ્રક્રિયા ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ સેવા પાયલોટ પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ થી પાલડી, સીટીએમ, કૃષ્ણનગર, નરોડા પાટીયા, નહેરૂનગર, રાણીપ, નારોલ ક્રોસ રોડ, સરખેજ, ઓઢવ ક્રોસ રોડ, અડાલજ, જશોદાનગર પોઈન્ટ તેમજ પીક અપ સ્ટેન્ડ ખાતેથી ફુડ ડીલીવરી આપવામાં આવશે.

આ પ્રોજેકટ હેઠળ મુસાફરો ઓનલાઈન ફુડ ઓર્ડર ફુડ ઓન બસ મેળવવા માટે નિગમની ઓનલાઈન ઓપીઆરએસ (ઓનલાઈન પેસેન્જર રીઝર્વેશન સિસ્ટમ ) સિસ્ટમ પર બસ ટીકીટની સાથે સાથે ફુડ પણ અગાઉથી બુકીંગ કરી શકશે.

મુસાફરી શરૂ થયા બાદ જે સ્થળે ફુડ મેળવવાનુ હોય તે સ્થળે પહોચવાના ૩ કલાક પહેલા ઓર્ડર આપવાનો રહેશે, મુસાફર ઓનલાઈન એડવાન્સમાં તેમજ મુસાફરી દરમિયાન પણ ફુડ ઓનલાઈન બુકીંગ કરી શકશે. આ સુવિધાઓ પુરી પાડવા માટે એસટી નિગમ દ્વારા એકસપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ થી અલગ અલગ એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવ્યા છે.

નકકી થયેલ એજન્સી તમાકુ, બીડી, ગુટખા, નોનવેજ, તેમજ પ્રતિબંધિત ચીજ વસ્તુઓ બસમાં આપી શકશે નહી. તેમજ બસમાં ફુડ આપવામાં અનિયમિતતા અને સમયસર ફુડ સપ્લાય ન કરવાના કિસ્સામાં રૂપીયા ૫ હજાર થી ૧૦ હજાર સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે તેવુ ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયુ છે.

# ગુજરાત રેરા એ બહાર પાડી નવી એસઓપીઃ હવે ઘેર બેઠા નોંધાવી શકશે ફરીયાદઃ તમામ જરૂરી દસ્તાવેજ થશે અપલોડ

પ્રતિનિધિ,ગાંધીનગર

મિલ્કત ખરીદદારોની ફરીયાદો હવે માત્ર કાગળ પર નહી પરંતુ ડીઝીટલ માધ્યમથી ઝડપથી ઉકેલાશે, ગુજરાત રેરા દ્વારા નવી એસઓપી જાહેર કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદેશ પ્રક્રિયાને વધુ વેગવાન અને પારદર્શક બનાવવાનો છે. હવે મિલ્કત ખરીદદારો ઘરે બેઠા જ ગુજરાત રેરા ના પોર્ટલ પર પોતાની ફરીયાદ નોંધાવી શકશે. સત્તાધીશોના જણાવ્યા મુજબ ઓફલાઈન ફરીયાદની સુવિધા ચાલુ રાખવામાં આવી છે. પરંતુ ઝડપી નિકાલ માટે ઓનલાઈન પધ્ધતિને વધુ પ્રોત્સાહન આપવામાં આવશે, આ નવી એસઓપીમાં એક મહત્વની શરત પણ ઉમેરવામાં આવી છે. જો કોઈ અરજદાર ઓનલાઈન ફરીયાદ નોંધાવે છે તો તેણે ફરીયાદ કર્યાના ૭ દિવસની અંદર તેની ફીઝીકલ કોપી એટલે કે હાર્ડ કોપી રેરા કચેરીમાં જમા કરાવવાની રહેશે. આ નિર્ણયથી બિલ્ડરો અને ગ્રાહકો વચ્ચેના વિવાદોનો નિકાલ ઝડપથી આવશે તેવી આશા સેવાઈ રહી છે.




એસઓપી ડીઝીટલ ફર્સ્ટ અભિગમ પર આધારીત છે. જેમાં હાલની ઓનલાઈન સિસ્ટમને વધુ મજબુત બનાવવામાં આવી છે અને પ્રક્રિયાગત સમય મર્યાદા તથા જવાબદારીઓ સ્પષ્ટ રીતે નિર્ધારીત કરવામાં આવી છે.

મિલ્કત ખરીદદારોને ઝડપી ન્યાય અને પ્રમોટર્સ ને સમય મર્યાદામાં અસરકારક રીતે પોતાનો જવાબ રજુ કરવાની સગવડ પુરી પાડવી એ જ આ એસઓપીનો મુખ્ય હેતુ છે. આ નવી વ્યવસ્થાથી મિલ્કત ખરીદદારોને પારદર્શિતા અને રીયલ ટાઈમ અપડેટ્સ મળશે.

# વડોદરામાં સાંસદ ખેલ મહોત્સવમાં ડીઈઓ નેતાના પગે લાગ્યાઃ ખેલ મહોત્સવમાં પ્રોટોકોલ ભુલ્યા કલાસ-૧ ઓફીસર

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં સાંસદ ખેલ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ ખેલ મહોત્સવના પુર્ણાહુતી પ્રસંગે મહેતા ઓડીટોરીયમ ખાતે વિધાનસભાના દંડક મંચ પર ઉપસ્થિત હતા. ત્યારે કાર્યક્રમમાં આવી પહોચેલા કલાસ-૧ ઓફીસર (જિલ્લા શિક્ષણ અધિકારી) મહેશ પાંડે એ વિધાનસભા દંડક બાળ શુકલ ને ચરણ સ્પર્શ કરતા અધિકારીઓ અને ઉપસ્થિત રાજકારણીઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો.



તાજેતરમાં વડોદરા શહેરમાં સાંસદ ખેલ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ મહોત્સવમાં અઢી લાખ જેટલા ખેલાડીઓ વિવિધ રમતો રમ્યા હતા. આ ખેલ મહોત્સવના સમાપન કાર્યક્રમ મહારાજા સયાજીરાવ યુનિર્વસિટીના મહેતા ઓડીટોરીયમ ખાતે પુર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વર્ચ્યુઅલ જોડાઈને વિવિધ રમતોમાં સિધ્ધિ પ્રાપ્ત રમતવીરોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડયુ હતું. સાંસદ ખેલ મહોત્સવના પુર્ણાહુતિ પ્રસંગે ઓડીટોરીયમના હોલમાં મંચ પર વિધાનસભા દંડક બાળ શુકલ, રાજય મંત્રી મનિષા વકીલ, શહેર ભાજપ પ્રમુખ ડો.જયપ્રકાશ સોની, પાલિકા કમિશ્નર અરૂણ મહેશ બાબુ, યુનિર્વસિટી વીસી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન કાર્યક્રમમાં આવી પહોચેલા કલાસ-૧ ઓફીસર ડીઈઓ મહેશ પાંડે પણ આવી પહોચ્યા હતા. મંચ પર પહોચેલા કલાસ-૧ ઓફીસર ડીઈઓ મહેશ પાંડે સીધા મંચ પર પહોચ્યા હતા. જયાં ઉપસ્થિત વિધાનસભા દંડક બાળ શુકલને ચરણ સ્પર્શ કરતા અન્ય સૌ મહાનુભાવો આશ્ચર્યચકીત થઈ ગયા હતા. મંચ પર ઉપસ્થિત વિધાનસભા દંડક બાળ શુકલને કલાસ-૧ ઓફીસર ડીઈઓ મહેશ પાંડેએ ચરણ સ્પર્શ કરતા ચર્ચાનો વિષય બન્યો હતો.

# ગુજરાત સરકાર ગૌ હત્યા અટકાવવા સરકાર પાયલોટ પ્રોજેકટ લાવશેઃ હત્યારા આજીવન જેલમાં રહેશે

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૫૧ એસટી બસોની કરાઈ ફાળવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે શુક્રવારે બનાસકાંઠા જિલ્લાના ડીસાના મહેમાન બન્યા હતા. આજે ડીસા ખાતે મુસાફરોની સુવિધા માટે રાજયના અલગ અલગ ડેપો ખાતે ૫૧ નવી એસટી બસોનુ લોકાર્પણ કર્યુ હતું. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ જીવદયા પ્રેમી સ્વર્ગીય ભરતભાઈ કોઠારીની પ્રતિમાનુ અનાવરણ કરીને રાજયમાં ગૌ હત્યા કરનારા તત્વોને ચીમકી ઉચ્ચારી હતી. તેમણે કહ્યુ હતુ કે ગૌ હત્યારા આજીવન જેલમાં રહેશે, મુસાફરોને મુસાફરીમાં સુવિધા રહે અને ગુજરાત સરકારના એસટી નિગમમાં વધુ ને વધુ એસટી બસોની સુવિધા ઉપલબ્ધ બને તે માટે રાજય સરકાર દ્વારા રાજયના અલગ અલગ એસટી બસ ડેપો માટે નવીન બસોની ફાળવણી કરવામાં આવી હતી. આ બસોના લોકાર્પણ માટે આજે બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જિલ્લામાં તેમના વતનની મુલાકાતે આવેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ડીસાના હવાઈ પીલ્લર મેદાન ખાતે રાજયના અલગ અલગ ડેપો માટે એસટી બસોની ફાળવણી કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડીસા ખાતે રાજયના અલગ અલગ ડેપો માટે ફાળવવામાં આવેલી એસટી બસોનુ લોકાર્પણ કર્યા બાદ ડીસાના જીવદયા પ્રેમી સ્વર્ગીય ભરતભાઈ કોઠારીની પ્રતિમાના અનાવરણ માટે કાંટ ગામ સ્થિત આવેલી રાજપુર પાંજરાપોળ ખાતે પહોચ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૌ હત્યા કરનારા સામે રાજય સરકાર દ્વારા આગામી સમયમાં કડકમાં કડક વલણ અપનાવવાની ખાત્રી આપી હતી. ગૌ હત્યારાઓ કયાંય પણ છુપાયા હશે તેમને શોધી કાઢવામાં આવશે અને કડક સજા આપવામાં આવશે. બે ગૌ હત્યારાને આજીવન કેદની સજા આ સરકારે અપાવી છે અને ૨૨ ગૌ હત્યારાને સજા થઈ ચુકી છે. ભારતમાં સૌથી વધુ સજા ગુજરાતની સરકારે અપાવી છે.



# રૂ.૭૫ લાખના તોડકાંડ મુદ્દે મનસુખ વસાવાનો દાવોઃ કલેકટરે ૭૫ લાખની વાત સ્વીકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દક્ષિણ ગુજરાતના બે દિગ્ગજ આદિવાસી નેતાઓ ભરૂચના સાંસદ મનસુખ વસાવા અને આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચેનો જંગ ફરી એકવાર ચરમસીમાએ પહોચ્યો છે. ઉલ્લેખનીય છે કે મનસુખ વસાવાએ ચૈતર વસાવા પર અધિકારી પાસેથી ૭૫ લાખ રૂપીયાનો તોડ કર્યાનો સનસનીખેજ આરોપ લગાવ્યો છે.

જો કે ચૈતર વસાવાએ આ આરોપોને નકારી કાઢયા છે. દક્ષિણ ગુજરાતના બે દિગ્ગજ આદિવાસી નેતાઓ, ભરૂચના સાંસદ મનસુખ વસાવા અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચેનો જંગ ફરી ખેલાયો છે. ઉલ્લેખનીય છે કે મનસુખ વસાવાએ ચૈતર વસાવા પર અધિકારી પાસેથી ૭૫ લાખ રૂપીયાનો તોડ કર્યાનો આરોપ લગાવ્યો છે. જો કે ચૈતર વસાવાએ આ આરોપોને નકારી કાઢયા છે. ચૈતર વસાવા પર ૭૫ લાખના તોડનો આરોપ લગાવ્યા બાદ આજે શુક્રવારે સાંસદ મનસુખ વસાવા આ મુદ્દે કલેકટર કચેરી પહોચ્યા હતા, કલેકટર સાથેની મુલાકાત બાદ મીડીયા સમક્ષ રૂબરૂ હાજર થતા સાંસદ મનસુખ વસાવાએ દાવો કર્યો હતો કે ચૈતર વસાવાએ અધિકારીઓ સાથે ૭૫ લાખનો તોડ કર્યાનુ કલેકટરે સ્વીકાર્યુ છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ ચૈતર વસાવા પણ કલેકટરને મળ્યા હતા, ચૈતર વસાવા સમક્ષ કલેકટરે ૭૫ લાખની વાતને ખોટી ગણાવી હતી. તો આજે મનસુખ વસાવા મળ્યા હતા અને તેમણે એવો દાવો કર્યો હતો કે કલેકટરે ૭૫ લાખના તોડની વાત સ્વીકારી છે. જો કે સાંસદ મનસુખ વસાવા સાથે મુલાકાત બાદ કલેકટરે મૌન સેવ્યુ હતું અને કલેકટર મીડીયાના સવાલો થી ભાગ્યા હતા.





પોતાના જ આક્ષેપોમાં ઘેરાયેલા સાંસદ મનસુખ વસાવા હવે અત્યંત ગુસ્સામાં જોવા મળી રહ્યા છે. તેમણે મીડીયા સમક્ષ ચોંકાવનારૂ નિવેદન આપતા કહ્યુ હતુ કે હું સરકાર અને અધિકારીઓ માટે ખોટા લોકો સામે લડી રહ્યો છુ, પણ જો સરકાર મને ન્યાય નહી આપે અને આવા ભ્રષ્ટ લોકોને બચાવશે તો હું ભારતીય જનતા પાર્ટી છોડી દઈશ, રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે મનસુખ વસાવા છેલ્લા કેટલાક સમયથી પોતાના જ પક્ષના ધારાસભ્યો અને વિરોધપક્ષના નેતાઓ પર પ્રહાર કરવામાં નિષ્ફળ રહ્યા છે. આ અગાઉ તેમણે નાંદોદના ભાજપના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ પર પ્રહાર કર્યા હતા. જેમાં તેમને સફળતા મળી ન હતી.

### નવસારીમાં ઈલુ ઈલુ કાંડમાં ભાજપ નેતાને મળી નોટીસઃ

# નાયબ મામલતદારના પતિની ભાજપ નેતાને નોટીસઃ નવસારી ભાજપ અગ્રણી અને વહિવટી મહિલા અધિકારી વચ્ચે ઈલુ ઈલુની ચર્ચા

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ નેતા અને નાયબ મામલતદાર વચ્ચે ઈલુ કાંડ સામે આવ્યુ હોવાની વાતે જોર પકડયુ હતું અને નાયબ મામલતદાર ના સાસુ એ પોલીસમાં કરી હતી રજુઆત અને નાયબ મામલતદારના પતિએ છુટા છેડા નો દાવો દાખલ કર્યો હતો.




ભાજપ નેતા અને નાયબ મામલતદારના પ્રણય ફાગમાં પરીવાર વિખેરાયો, નવસારીમાં રહેતી વૃધ્ધ મહિલા દ્વારા તેમની પુત્રવધુ જિલ્લામાં નાયબ મામલતદાર ભાજપ અગ્રણી સાથે આડા સંબંધ રાખતી હોવાના આક્ષેપ સાથે હેરાન કરવાની ધમકી અપાતી હોવાની મહિલા પોલીસ મથકે અરજી આપી ન્યાય માટે અપીલ કરી છે. અરજદારના જણાવ્યા મુજબ તેમનો પુત્ર બેંકમાં નાયબ મેનેજર છે,

### CPનો વેપારીઓ સાથે સંવાદ

# ભદ્રમાં ટ્રાફિકની વ્યાપક ફરિયાદો બાદ પોલીસ કમિશનર એક્શન મોડમાં

### લાંબા સમયથી સતાવતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પોલીસ કમિશનર જી.એસ. મલિકે આજે જાતે મુલાકાત લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના હાર્દ સમાન ભદ્ર પ્લાઝા વિસ્તારમાં લાંબા સમયથી સતાવતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પોલીસ કમિશનર જી.એસ. મલિકે આજે જાતે મુલાકાત લીધી હતી. ગુજરાત હાઈકોર્ટના કડક આદેશ બાદ પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંયુક્ત કામગીરી કરી રસ્તા પરના પાથરણાવાળાને દૂર કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું કે પાથરણાવાળા હટ્યા બાદ હવે વાહન વ્યવહાર કેટલો સુગમ બન્યો છે. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક વેપારીઓ સાથે પણ સંવાદ કર્યો હતો અને જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનાથી આવતી ફરિયાદો બાદ હવે લોકોને આ ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળી છે.મુલાકાત બાદ પોલીસ કમિશનરે શહેરના અન્ય વિસ્તારોમાં સર્જાતી ટ્રાફિક સમસ્યા અંગે પણ મહત્વની માહિતી આપી હતી. તેમણે સ્વીકાર્યું હતું કે સુભાષબ્રિજ સમારકામ માટે બંધ કરવામાં આવ્યા બાદ આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ વધ્યું છે. ખાસ કરીને વાડજ વિસ્તારમાં વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે, જેનો ઉકેલ લાવવા માટે ત્યાં વધારાનો પોલીસ સ્ટાફ મુકવામાં આવ્યો છે. ભદ્રમાં પાથરણાવાળા હટ્યા બાદ વેપારીઓએ પણ આ કામગીરીને વધાવી લીધી છે. પોલીસ હવે એ વાત પર ધ્યાન આપી રહી છે કે ભવિષ્યમાં ફરીથી દબાણો ન થાય અને ઐતિહાસિક ભદ્ર વિસ્તારનો વારસો અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે.

# ફતેગંજ—રાણેશ્વર સર્કલ પાસે પાણીની લાઈનમાં ભંગાણ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના પૂર્વ પશ્ચિમ વિસ્તારને જોડતા ફતેગંજ—રાણેશ્વર સર્કલ નજીક ગઈ મોડી રાત્રે પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પીવાનું પાણી રસ્તા પર વેડફાઈ ગયું. ભંગાણના કારણે બનેલા ખાડા અને શાસ્ત્રી બ્રિજની રોડ કામગીરી સાથે મળીને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી અનેક વાહનચાલકો અટવાયા.જાહેર વિભાગોમાં સંકલનનો અભાવ જોવા મળ્યો છે. શાસ્ત્રી બ્રિજ પર કાર્પેટીંગની કામગીરી ચાલી રહી હોવાથી એક તરફનો રસ્તો બંધ છે, જ્યારે બીજી બાજુ પાણીની લાઈનમાં થયેલા ભંગાણના કારણે મોટા ખાડા પડયા છે. તંત્ર દ્વારા ખાડાનું રીપેરિંગ કરવા માટેની કામગિરી શરુ કરાઈ છે.